GJAN070002942018

सत्यमेव जयते

# તારાપુરના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.તારાપુર

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૦૪/૦૮/૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ નંબર | ૨૧૨/૨૦૧૮ |
| આંક | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન | ફ.ગુ.ર.નં. ૧૯/૨૦૧૮ |
| ફરિયાદી | ગુજરાત સરકાર |
| ફરિયાદપક્ષે | વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી એમ.એચ રાઠોડ |
| આરોપી | (૧) પુનાભાઈ કચરાભાઈ ભરવાડ ઉ.વ.પર<br>(૨) ભરતભાઈ પુનાભાઈ ભરવાડ<br>(૩) ભનુભાઈ પુનાભાઈ ભરવાડ ઉ.વ.૩૭<br>તમામ રહે. દુગારી પરામાં તા.તારાપુર જિ.આણંદ |
| બચાવપક્ષે | વિ.વ.શ્રી એ.એ.વહોરા |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫/૦૩/૨૦૧૮ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૫/૦૩/૨૦૧૮ |
| આખરી અહેવાલની તારીખ | ૦૨/૦૪/૨૦૧૮ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૨૨/૧૦/૨૦૧૮ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૭/૧૧/૨૦૧૯ |
| ચૂકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૨૩/૦૭/૨૦૨૬ |
| આખરી હુકમ | નિર્દોષ |

## –:: આરોપીની વિગત ::–

| અનુ. નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|



સહી/–

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | પુનાભાઈ કચરાભાઈ ભરવાડ | ૨૧/૦૩/૧૮ | ૨૧/૦૩/૧૮ | ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |
| (૨) | ભરતભાઈ પુનાભાઈ ભરવાડ | ૨૧/૦૩/૧૮ | ૨૧/૦૩/૧૮ | ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |
| (૩) | ભનુભાઈ પુનાભાઈ ભરવાડ | ૨૧/૦૩/૧૮ | ૨૧/૦૩/૧૮ | ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | – | – |

## –:: ચુકાદાનું પરિશિષ્ટ ::–

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરિયાદ પક્ષ

| અનુ. નં. | નામ | પુરાવાનો પ્રકાર | આંક | તારીખ |
|---|---|---|---|---|
| ૧. | જામુબેન ભીખાભાઈ ભરવાડ | ફરિયાદી | ૧૪ | ૦૭/૧૧/૨૦૧૯<br>૦૪/૧૨/૨૦૧૯<br>૧૮/૧૨/૨૦૧૯<br>૦૧/૦૧/૨૦૨૬ |
| ૨. | ભીખાભાઈ પોચાભાઈ ભરવાડ | સાહેદ | ૧૭ | ૦૪/૧૨/૨૦૧૯<br>૧૮/૧૨/૨૦૧૯<br>૦૧/૦૧/૨૦૨૬ |
| ૩. | ભુપેન્દ્રભાઈ વીભાભાઈ ભરવાડ | પંચ સાહેદ | ૨૪ | ૦૨/૦૩/૨૦૨૨ |
| ૪. | નરસિંહભાઈ નાથાભાઈ પ્રજાપતિ | પંચ સાહેદ | ૨૬ | ૦૨/૦૩/૨૦૨૨ |
| ૫. | વાલાભાઈ હરીભાઈ ભરવાડ | પંચ સાહેદ | ૨૭ | ૦૨/૦૩/૨૦૨૨ |
| ૬. | પીન્ટુભાઈ ઉર્ફે રઘુભાઈ ભીખાભાઈ ભરવાડ | પંચ સાહેદ | ૨૯ | ૦૨/૦૩/૨૦૨૨ |
| ૭. | ભુરાભાઈ રાણાભાઈ ભરવાડ | સાહેદ | ૩૧ | ૦૬/૦૪/૨૦૨૨<br>૨૦/૦૪/૨૦૨૨ |
| ૮. | કાળુભાઈ રણુભાઈ ભરવાડ | સાહેદ | ૩૩ | ૨૨/૦૯/૨૦૨૨ |
| ૯. | આનંદ સેવકકુમાર શાહ | મેડીકલ ઓફીસર | ૪૦ | ૦૫/૧૦/૨૦૨૩ |
| ૧૦. | ડો.સંજય જીવાભાઈ ચૌહાણ | મેડીકલ ઓફીસર | ૪૮ | ૧૩/૦૫/૨૦૨૪ |
| ૧૧. | નારણભાઈ સામંતભાઈ રાઠોડ | સાહેદ | ૫૧ | ૦૪/૦૭/૨૦૨૪ |
| ૧૨. | જયદીપકુમાર વિષ્ણુલાલ પટેલ | ત.ક.અ. | ૫૬ | ૧૫/૦૭/૨૦૨૫ |

 સહી/–

બ. બચાવ પક્ષ

| **અનુક્રમ નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| સાહેદ નંબર ૦૧ | બચાવપક્ષે કોઈ સાહેદ તપાસેલ નથી. | --- |

ક. અદાલત દવારા

| **અનુક્રમ નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| સાહેદ નંબર ૦૧ | અદાલત દવારા કોઈ સાહેદ તપાસેલ નથી. | --- |

ફરિયાદી/બચાવ/અદાલત દવારા રજૂ દસ્તાવેજોનાં આંકની યાદી.
અ. ફરિયાદ

| **અનુ. નં.** | **વર્ણન** | **આંક** | **તારીખ** |
|---|---|---|---|
| ૧. | ફરિયાદ | ૧૫ | ૧૫/૦૩/૨૦૧૮ |
| ૨. | ગુનાહવાળી જગ્યાનું પંચનામું | ૨૫ | ૧૬/૦૩/૨૦૧૮ |
| ૩. | હથિયાર રીકવરી કમ અરેસ્ટ પંચનામાની નકલ | ૨૮ | ૨૧/૦૩/૨૦૧૮ |
| ૪. | ભીખાભાઈ પોચાભાઈના સારવાર સર્ટી | ૪૧ | ૨૨/૦૩/૨૦૧૮ |
| ૫. | સી.એચ.સી. તારાપુર દર્દીઓનું ઈ.પી.આર. રજીસ્ટરનું પેજ | ૪૯ | ૧૪/૦૩/૨૦૧૮ |

બ. બચાવ

| **અનુક્રમ નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૦૧ | - | - |

ક. ન્યાયાલય

| **અનુક્રમ નં.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૦૧ | - | - |

ડ. ભૌતિક પદાર્થ

| **અનુક્રમ નં.** | **ભૌતિક પદાર્થ સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૦૧ | - | - |

## - :: ચુ કા દો :: -

**<u>ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરૂઘ્ધનું તહોમત :-</u>**

**(૦૧)** હાલના કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ

કામના આરોપીઓએ તા.૧૫/૦૩/૧૮ ના કલાક ૦૯:૩૦ વાગ્યે મોજે દુગારી ગામે પરામાં ફરિયાદીના ઘરે લાકડીઓ લઈ જઈ ગાય બાંધવા બાબતે ગાળો બોલી આરોપી નં.૧ નાએ ફરિયાદીને કાડીની ઝાપોટ મારવા જતા માથાના ભાગે કાન નીચે મારી તથા આરોપી નં.ર તથા ૩ નાઓએ ઉપરાણું લઈ આરોપી નં.૧ એ ફરિયાદીને લાકડીનો ગોદો છાતીના ભાગે મારી તાથ આરોપી નં.૩ નાએ લાકડીની ઝાપોટ નાક ઉપર મારી નાક ઉપર ફેકચર કરી ઈજા કરી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એક બીજાની મદદગારી કરી જિલ્લા મેજી. સા. આણંદ નાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી, ઈ.પી.કો. કલમ – ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ તારાપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૯/૨૦૧૮ થી જાહેર કરેલ છે. જે ગુન્હો પોલીસે નોંધી તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ કરેલ છે.

આ કામે આરોપીઓને સમન્સની ધોરણસરની બજવણી થતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ વીના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને ૦૪ થી તોહમતનામું ઘડી આંક–૦૫ થી ૦૭ આરોપીઓની પ્લી લગત રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીઓએ પોતાની પ્લી દરમ્યાન ગુન્હો કબૂલ ન હોય કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ છે. આ કામે બચાવ પક્ષે વિ.વ.શ્રી. હાજર થયા છે.

**<u>ફરિયાદપક્ષનો પુરાવો :–</u>**

**(૦૨)** સૌપ્રથમ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–૧૪ થી ફરિયાદી જામુબેન ભીખાભાઈ ભરવાડ નાઓને તપાસાવામાં આવેલા છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ ગયા વર્ષની

ત્રીજા મહીનાની ૧૪ મી તારીખે સવારના નવ વાગે મારા ઘરની આગળ વાડામાં બનાવ બનેલો. બનાવ વખતે હું મારા ઘરે હતી ત્યારે આરોપી પુનાભાઈ મારા ઘરે આવીને કહેલ કે તમારી ગાયને બાંધી ઘો અને તમારા ઘર વાળા કયાં છે તો મે જવાબ આપેલ કે મારા પતિ મઢે દીવા કરવા ગયા છે અને અમારી ગાય હવે પછી તમારે ત્યાં નહીં આવે. ત્યારબાદ પુનાભાઈ જતાં રહેલ. ત્યારબાદ મારા પતિ ઘરે આવેલ તો તેમની પાછળ પુનાભાઈ , ભરતભાઈ, ભનુભાઈ ત્રણેય જણાઓ લાકડીઓ લઈ અને ગાળો બોલતા બોલતાં આવેલા અને પુનાભાઈએ મારા પતિને માથામાં પાછળના ભાગે કાનની નીચેના ભાગે લાકડી મારેલી. ભરતભાઈએ મારા પતિને લાકડીના ગોદા છાતીના ભાગે મારેલાં તેમજ ભનુભાઈએ તેના હાથમાંની લાકડી વડે મારા પતિને મોઢાના ભાગે ઝાંપોટો મારતાં મારા પતિને નાકના ભાગે ફ્રેકચર થઈ ગયેલ. ત્યારબાદ મારા પતિ નીચે પડી ગયેલાં અને ત્યારબાદ આરોપીઓ ફરી વખત તમારી ગાય આવશે તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતા આપતા જતાં રહેલાં. ત્યારબાદ મે મારા કાકાજીના દીકરા ભુરુભાઈ અને કાળુભાઈ ને બોલાવેલ. ત્યારબાદ ખાનગી વાહનમાં મારા પતિને સારવાર માટે સરકારી દવાખાને તારાપુર લાવેલાં અને ત્યાં પ્રાથમીક સારવાર આપેલી અને ત્યાંથી વધુ સારવાર માટે તારાપુર પ્રાઈમ હોસ્પીટલમાં દાખલ કરેલાં. મારા પતિને નાકે ફ્રેકચર થયેલ હતું. મે આ બનાવની બીજા દિવસે ફરીયાદ આપેલી. મને આજરોજ અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં જોઈને કહું છું કે તેંમાં મારા અંગુઠાનું નિશાન છે જે હું ઓળખું છું જે રજુ દાખલ આંક–૧૫ આપવામાં આવે છે. આ ફરીયાદ આપ્યાના બીજા દિવરો અમારા ઘરે આવેલી અને પંચનામું કરેલું. આરોપીઓને જોયેથી ઓળખું છું. બચાવ પક્ષે ઓળખની તકરાર નથી. મને આર્ટીકલ નં ૧ વાળી લાકડી બતાવવામાં આવે છે તે જોઈને જણાવું છું કે આ લાકડી પુનાભાઈ કચરાભાઈ પાસે હતી. મને આર્ટીકલ નં ૨ વાળી લાકડી બતાવવામાં આવે છે તે જોઈને જણાવું છું કે આ લાકડી ભરતભાઈ પાસે હતી. મને આર્ટીકલ નં ૩ વાળી લાકડી બતાવવામાં આવે છે તે જોઈને જણાવું છું કે આ લાકડી ભનુભાઈ પાસે હતી.

સદર ફરિયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ

છે કે, મારુ પિયર લોલીયા તા.ધંધુકા જિ.અમદાવાદ થાય છે. હું દુગારી ગામે આશરે ૨૦ થી ૨૫ વર્ષથી રહું છું. આ કામના આરોપીઓ પણ દુગારી ગામે રહેતા હોય તેમને ઓળખું છું. એ વાત ખરી છે કે દુગારી ગામે ભરવાડની ઝોંક અને ભરવાડ પરૂ અલગ વિસ્તાર છે અને બંને વચ્ચે ૧ કિ.મી. નું અંતર છે. એ વાત ખરી છે કે અમારી મોટા શીંગડા વાળી ગાય આરોપીઓના વાડામાં જઈ મકાઈ ખાય જતી હતી. એ વાતની મને ખબર નથી કે કહેવાતા બનાવ અગાઉ અમારી ગાયે આરોપીઓની જર્સી ગાયને શીંગડા મારતા આરોપીઓની ગાય પંદરેક દિવસ બાદ મરણ પામેલી. એ વાતની મને ખબર નથી કે બનાવ અગાઉ આરોપીઓની જર્સી ગાય મરી ગયેલી અને તેની પાછળ તેના બે વાછરડા પણ મરી ગયેલા. દુગારીના કાશીભાઈ ભીખાભાઈ ભરવાડ મારા કું ટુંબી સગા થાય છે. એ વાત ખરી નથી કે અમારી ગાયે આરોપીઓની ગાયને શીં ગડા મારતા તે અંગેની વાત કરવા કાશીભાઈ અમારા ઘરે આવેલા. એ વાત ખરી નથી કે અમારી ગાય અવાર નવાર આરોપીઓના ઢોરને માર મારતી હોય તે અં ગને ફરિયાદ આરોપીઓએ અમને બનાવ અગાઉ ઘણી વખત કરેલી. એ વાત ખરી છે કે તા.૧૪/૦૩/૧૮ ના રોજ આરોપી ભરતભાઈ પુનાભાઈ અમારી ગાય મકાઈ ખાય ગઈ હોય જેથી તેની જાણ કરવા અમારા ઘરે આવેલાં. એ વાત ખરી નથીકે તે સમયે મારા પતિએ ભરતભાઈ ઉપર ગુસ્સે થઈ ઝપાઝપી કરી ભરતભાઈના કપડા પણ ફાડી નાખેલા અને અમે બઈરાઓએ ભેગા થઈ પથ્થર મારો કરેલો અને ભરતભાઈને માર મારવા જતાં ધકકા મુકકીમાં મારા પતિ પડી જતાં તેમને ઈજા થયેલી. એ વાતની મને ખબર નથી કે મારા દીકરા વિક્રમની સગાઈ ન તુટે તે માટે મારા પતિએ આરોપી પુનાભાઈ પાસેથી રૂપિયા ૩૦,૦૦૦/– લીધેલા છે. એ વાત ખરી છે કે મારા સસરા હું મારા પિયરમાં હતી ત્યારે ગુજરી ગયેલા. એ વાતની મને ખબર નથી કે મારા સસરાએ આરોપી

 સહી/–

પુનાભાઈને બે વિઘા જમીન રૂપિયા દસ હજારમાં વેચાણ આપેલી અને તે અંગેનો દસ્તાવેજ મારા સસરા ગુજરી ગયા બાદ મારા પતિએ રૂપિયા એક લખા લઈ કરી આપેલો. ફરિયાદ આપવા મારી સાથે કાકાજી સસરા કાળુભાઈ રાણાભાઈ આવેલા. બનાવ વખતે ઘણાબધા માણસો ભેગા થઈ ગયેલા. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મારી લીધા બાદ માણસો આવેલા. એ વાત ખરી છે કે મારા ઘરની આજુબાજુમાં બીજા મકાનો આવેલા છે. ફરિયાદ મે લખાવેલી. પોલીસે ફરિયાદ વાંચી સંભળાવી તેના ઉપરથી મે ફરિયાદની વિગતની પુર્તતા કરેલી. એ વાત ખરી છે કે પોલીસે ફરિયાદ વાંચી તેના ઉપરથી ફરિયાદ મારા લખાવ્યા મુજબની હોવાનું મને લાગેલું. એ વાત ખરી નથી કે મે મારી પોલીસ ફરિયાદમાં બનાવ વખતે હું મારા ઘરે હતી ત્યારે આરોપી પુનમભાઈ મારા ઘરે આવીને કહેલ કે તમારી ગાયને બાંધી દો અને તમારા ઘરવાળા કયાં છે તો મે જવાબ આપેલ કે મારા પતિ મઢે દીવા કરવા ગયા છે અને અમારી ગાય હવે પછી તમારે ત્યાં નહી આવે તે વિગત લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મે મારી પોલીસ ફરિયાદમાં ત્યારબાદ મારા પતિ ઘરે આવેલ તો તેમની પાછળ પુનાભાઈ ભરતભાઈ ભનુભાઈ ત્રણેય જણાઓ લાકડીઓ લઈ અને ગાળો બોલતા બોલતા આવેલા અને પુનાભાઈએ મારા પતિને લાકડીના ગોદા છાતીના ભાગે મારેલા તેમજ ભનુભાઈએ તેના હાથમાંથી લાકડી વડે મારા પતિને મોઢાના ભાગે ઝાંપોટ મારતા મારા પતિને નાકના ભાગે ફ્રેકચર થઈ ગયેલ. તે વિગત લખાવેલ નથી. મારા પતિને કોઈ ખેતીની જમીન આવેલી નથી. અમે પશુપાલનનો ધંધો કરીએ છીએ. ઢોરનો ચારો લેવા હું જાઉ છું. એ વાત ખરી છે કે મારા પતિ મં દિરમાં ભુવા હોય રોજ જાઈ છે. એ વાત ખરી છે કે મારે ઘણી વખત લોલીયા તથા તારાપુર આવવા જવાનું પણ થાય છે. એ વાત ખરી નથી કે હું જણાવું છું

 સહી/–

તેવી કોઈ ઈજા આરોપીઓએ કોઈ હથિયાર વડે મારા પતિને કરેલ નથી. એ વાત ખરી નથી કે મારા પતિને અમે પથ્થર મારા કરેલા તેના લીધેલ વાયેલ પથ્થરથી પડી જવાથી ગાય બાંધવાનો ખુંટો વાગી ગયેલ તેમાં ઈજા થયેલી. એ વાત ખરી નથી કે આરોપીઓની ગાય અને વાછરડા મરી ગયેલ તેનું વળતર આપવું ન પડે અને અમે આરોપીઓને માર મારેલ તેની ફરિયાદમાંથી બચવા આરોપીઓ સામે ખોટી ફરિયાદ કરેલી જેના સમર્થનમાં ખોટી જુબાની આપું છું.

આરોપી દવારા આંક–૬૨ ની અરજીના હુકમ અનુસંધાને કલમ–૩૧૧ મુજબ ફરિયાદીને રી–કોલ/સમન્સ કરી આરોપી દવારા વધુ ઉલટતપાસ લેવામાં આવેલ છે. વધુમાં એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ સમયે આરોપી ગાય બાબતે અમોને ઘરે કહેવા આવેલા. એ વાત ખરી છે કે અને ગાય ખેતરમાં બેસી જતી હોય તે બાબતે તેઓની સાથે મારા પતિને સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કંઈ બનેલું નહીં. એ વાત ખરી છે કે, આ બોલાચાલી દરમ્યાન મારા પતિ ચોકડી આગળ ભીનું હોવાથી લપસી જતા પડી ગયેલા જે કારણે તેઓને નાકમાં, માથામાં અને છાતીના ભાગે ઈજાઓ થયેલી. એ વાત ખરી છે કે, આ જે ઈજાઓ થયેલી તે કોઈ આરોપીઓ દવારા કરવામાં આવેલી નહીં. એ વાત ખરી છે કે, અગાઉ હું નામદાર કોર્ટમાં જુબાની આપેલી. એ વાત ખરી છે કે, અમારે આરોપીઓ સાથે નામદાર કોર્ટ બહાર રજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, આ કામના આરોપીઓ અમારા કુટુંબી રીતે ભાઈઓ થાય છે. એ વાત ખરી છે કે, અમોએ કોઈ આરોપીઓના હાથમાં હથીયારો જોયેલા નહીં.

(૦૩) ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–૧૭ થી સાહેદ ભીખાભાઈ પોચાભાઈ ભરવાડ નાઓને તપાસવામાં આવેલ

 સહી/–

છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ તા. ૧૪/૦૩/૧૮ ના રોજ દુગારી ગામે મારા ઘરે ફળિયામાં રાવારના નવ વાગે બનેલો, બનાવ વખતે હું માતાજીના દીવા કરી ઘરે પરત આવતો હતો તે રામચે આરોપી પુનાભાઈ કચરાભાઈ, ભરતભાઈ પુનાભાઈ અને ભનુભાઈ પુનાભાઈ એ રીતેના લાકડીઓ લઈને આવેલાં. અમારી ગાય તળાવમાં પાણી પીવા ગઈ હતી તે અંગેનો તે ઝઘડો કરવા આ આરોપીઓ આવેલા હતાં. આરોપીઓ આવેલાં અને ગાળો બોલવા લાગેલાં અને કહેલ કે ગાય આવશે તો મજા નહી આવે જેથી મે કહેલ કે હવે ગાય નહીં આવે તો પુનાભાઈ કચરાભાઈ એ મને માથામાં પાછળના ભાગે લાકડી મારી દીધેલ, ભરતભાઈએ મને નાક ઉપર લાકડી મારી દીધેલી અને ભનુભાઈએ મને છાતીના ભાગે લાકડીનો ગોદો મારેલો જેથી હું નીચે પડી ગયેલો અને ત્યારબાદ આરોપીઓ જેમ ફાવે તેમ ગાળો બોલતાં બોલતાં જતાં રહેલાં. મને ભુરાભાઈ અને બીજા માણસોએ છોડાવેલ હતો. ત્યારબાદ મને તારાપુર સરકારી દવાખાને સારવાર માટે લાવેલાં અને ત્યાંથી વધુ સારવાર માટે તારાપુર મોટી ચોકડીએ આવેલ ખાનગી દવાખાને લઈ ગયેલાં, રાન નાકમાં ફેકચરની ઈજા થયેલી હતી જેથી મને દસેક દિવસ દાખલ કરેલો. મારી પત્ની જામુબેને આ બનાવની ફરીયાદ આપેલી જે અનવયે પોલીસે મારી પુછપરછ કરેલી. આરોપીઓને જોયેથી ઓળખું છું. બચાવ પક્ષે ઓળખની તકરાર મને આર્ટીકલ નં ૧ વાળી લાકડી બતાવવામાં આવે છે તે જોઈને જણાવું છું કે આ લાકડી પુનાભાઈ કચરાભાઈ પ્રાસે હતી. મને આર્ટીકલ નં ર વાળી લાકડી બતાવવામાં આવે છે તે જોઈને જણાવું છું કે આ લાકડી ભરતભાઈ પુનાભાઈ પાસે હતી. મને આર્ટીકલ નં ૩ વાળી લાકડી બતાવવામાં આવે છે તે જોઈને જણાવું છું કે આ લાકડી ભનુભાઈ પુનાભાઈ પાસે હતી.

જયારે સદર સાહેદ બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી તરફે સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવામાં આવતા સાહેદએ સુચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે અને ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી.

 સહી/-

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ભુરાભાઈ રાણાભાઈ ભરવાડ અને કાળુભાઈ રાણાભાઈ મારા કાકાના દીકરા ભાઈ થાય છે અને તેઓ ભરવાડ ઝોંકમાં રહે છે. એ વાત ખરી છે કે અમો ભરવાડ પરામાં રહીએ છીએ. એ વાત ખરી નથી કે અમારી ગાય બનાવ અગાઉથી આરોપીઓના ઘઉં ને નુકશાન કરતી હતી. એ વાત ખરી નથી કે આરોપીઓ અમારી ગાય તેઓના પાક અને માલઢોરને નુકશાન કરતી હોય તે અંગેની ફરીયાદ કરવા અમારી પાસે આવેલાં. કાશીભાઈ ભીખાભાઈ મારા ભત્રીજા થાય છે. એ વાત ખરી નથી કે અમારી ગાયે. આરોપીઓની ગાયને શીંગડા મારતાં તે અંગેની વાત કરવા કાશીભાઈ અમારા ઘરે આવેલાં. એ વાત ખરી નથી કે મે મારા દીકરાની સગાઈ ન તુટે તે માટે આરોપી પુનાભાઈ પાસેથી રૂપિયા ત્રીસ હજાર લીધેલાં. હું દુગારી ગામના બળવંતસિંહના દીકરા કિશોરસિંહને ઓળખું છું. એ વાત ખરી છે કે મે કિશોરસિંહના કહેવાથી મારા પિતાએ આરોપી પુનાભાઈને જમીન વેચેલી હતી તે અંગેનો દસ્તાવેજ કરી આપેલો અને તે સમયે આરોપી પાસેથી રૂપિયા એક લાખ લીધેલાં. એ વાતની મને ખબર નથી કે મારા પિતાએ ફકત રૂપિયા દસ હજારમાં વેચાણ આપેલી અને મારા પિતાએ તેમની હયાતી દરમ્યાન જ આ દસ હજાર મેળવી લીધેલાં. એ વાત ખરી નથી કે આ જમીન મારા ખાતે ચઢેલ હોય તેનો લાભ લઈ ખોટી રીતે રૂપિયા એક લાખ મેળવેલ. એ વાત ખરી નથી કે કહેવાતા બનાવ અગાઉ અમારી ગાયે આરોપીઓની જર્સી ગાયને શીંગડા મારતાં આરોપીઓની ગાય પંદરેક દિવસ બાદ મરણ પામેલી. એ વાત ખરી નથી કે બનાવ અગાઉ આરોપીઓની જર્સી ગાય મરી ગયેલી અને તેની પાછળ તેના બે વાછરડા પણ મરી ગયેલાં. એ વાત ખરી નથી કે અમારી ગાયે આરોપીઓની ગાયને શીંગડા મારતાં તે અંગેની વાત કરવા કાશીભાઈ અમારા ઘરે આવેલાં. એ વાત ખરી નથી કે અમારી ગાય અવાર નવાર આરોપીઓના ઢોરને માર મારતી હોય તે અંગેની ફરીયાદ આરોપીઓએ અમને બનાવ અગાઉ ઘણી વખત કરેલી. એ વાત ખરી નથી કે કહેવાતા બનાવ અગાઉ અમારી ગાયે આરોપીઓની જર્સી ગાયને શીંગડા મારતાં આરોપીઓની ગાય

પંદરેક દિવસ બાદ મરણ પામેલી. એ વાત ખરી નથી કે બનાવ અગાઉ આરોપીઓની જર્સી ગાય મરી ગયેલી અને તેની પાછળ તેના બે વાછરડા પણ મરી ગયેલાં. એ વાત ખરી નથી કે અમારી ગાયે આરોપીઓની ગાયને શીંગડા મારતાં તે અંગેની વાત કરવા કાશીભાઈ અમારા ઘરે આવેલાં. એ વાત ખરી નથી કે અમારી ગાય અવાર નવાર આરોપીઓના ઢોરને માર મારતી હોય તે અંગેની ફરીયાદ આરોપીઓએ અમને બનાવ અગાઉ ઘણી વખત કરેલી. એ વાત ખરી છે કે તા. ૧૪/૦૩/૧૮ ના રોજ આરોપી ભરતભાઈ પુનાભાઈ અમારી ગાય મકાઈ ખાય ગઈ હોય જેથી તેની જાણ કરવા અમારા ઘરે આવેલાં. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ગાળો બોલતાં બોલતાં આવેલાં. એ વાત ખરી નથી કે તે સમયે મે ભરતભાઈ ઉપર ગુસ્સે થઈ ઝપાઝપી કરી ભરતભાઈ કપડા પણ ફાડી નાખેલા અને અમારા બઈરાઓએ ભેગા થઈ પથ્થર મારો કરેલો અને ભરતભાઈને માર મારવા જતાં ધક્કા મુકીમાં મને પથ્થર વાગતાં પડી જવાથી મને ઈજા થયેલી. પોલીસે મારો જવાબ હું ભાનમાં આવ્યો ત્યારબાદ લીધેલો. હું બનાવના છ એક દિવસ બાદ ભાનમાં આવેલો. પોલીસે મારો જવાબ નાની ચોકડીએ હોસ્પીટલમાં લીધેલો, મે મારો જવાબ વાંચેલો. હું ધોરણ ૪ સુધી ભણેલો છું. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ જવાબમાં " આરોપી પુનાભાઈ કચરાભાઈ . ભરવભાઈ પુનાભાઈ અને ભનુભાઈ પુનાભાઈ એ રીતેના લાકડીઓ લઈને આવેલાં. અમારી ગાય તળાવમાં પાણી પીવા ગઈ હતી તે અંગેનો તે ઝઘડો કરવા આ આરોપીઓ. આવેલા હતાં. આરોપીઓ આવેલાં અને ગાળો બોલવા લાગેલાં અને કહેલ કે ગાય આવશે તો મજા નહીં આવે જેથી મે કહેલ કે હવે ગાય નહીં આવે તો પુનાભાઈ કચરાભાઈ એ મને માથામાં પાછળના ભાગે લાકડી મારી દીધેલ, ભરતભાઈએ મને નાક ઉપર લાકડી મારી દીધેલી અને ભનુભાઈએ મને છાતીના ભાગે લાકડીનો ગોદો મારેલો જેથી હું નીચે પડી ગયેલો અને ત્યારબાદ આરોપીઓ જેમ ફાવે તેમ ગાળો બોલતાં બોલતાં જતાં રહેલાં. " તે વિગત લખાવેલ નથી. હું પશુપાલનનો ધંધો કરું છું. હું ચારો લેવા જતો નથી. હું મંદિરે પુજા પાઠ કરવા જાઉં છું. હું કોઈના ઘરે જતો નથી. હું મારા કામ અર્થે બહાર ગામ આવ જાવ કરું છું. એ વાત ખરી નથી કે હું જણાવું તેવી કોઈ ઈજા

 સહી/–

આરોપીઓએ કોઈ હથીયાર વડે કરેલ નથી. એ વાત ખરી નથી કે મને અમે પથ્થર મારા કરેલાં તેના લીધે વાગેલ પથ્થરથી પડી જવાથી ગાય બાંધવાનો ખુંટો વાગી ગયેલ તેમાં ઈજા થયેલી. એ વાત ખરી નથી કે આરોપીઓની ગાય અને વાછરડા મરી ગયેલ તેનું વળતર આપવું ન પડે અને અમે આરોપીઓને માર મારેલ તેની ફરીયાદમાંથી બચવા આરોપીઓ સામે ખોટી ફરીયાદ કરેલી જેના સમર્થનમાં ખોટી જુબાની આપું છું.

આરોપી દવારા આંક–૬૨ ની અરજીના હુકમ અનુસંધાને કલમ–૩૧૧ મુજબ ફરિયાદીને રી–કોલ/સમન્સ કરી આરોપી દવારા વધુ ઉલટતપાસ લેવામાં આવેલ છે. વધુમાં એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ સમયે આરોપી ગાય બાબતે અમોને ઘરે કહેવા આવેલા. એ વાત ખરી છે કે અને ગાય ખેતરમાં બેસી જતી હોય તે બાબતે તેઓની સાથે અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કંઈ બનેલું નહીં. એ વાત ખરી છે કે, આ બોલાચાલી દરમ્યાન હું ચોકડી આગળ ભીનું હોવાથી લપસી જતા પડી ગયેલો જે કારણે મને નાકમા, માથામાં અને છાતીના ભાગે ઈજાઓ થયેલી. એ વાત ખરી છે કે, આ જે ઈજાઓ થયેલી તે કોઈ આરોપીઓ દવારા કરવામાં આવેલી નહીં. એ વાત ખરી છે કે, અગાઉ હું નામદાર કોર્ટમાં જુબાની આપેલી. એ વાત ખરી છે કે, અમારે આરોપીઓ સાથે નામદાર કોર્ટ બહાર રજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, આ કામના આરોપીઓ અમારા કુટુંબી રીતે ભાઈઓ થાય છે. એ વાત ખરી છે કે, અમોએ કોઈ આરોપીઓના હાથમાં હથીયારો જોયેલા નહીં.

(૦૪) ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શં કપણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–૨૪ થી પંચ સાહેદ ભુપેન્દ્રભાઈ વીભાભાઈ ભરવાડ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ

 સહી/–

છે કે, આજથી આશરે ત્રણેક વર્ષ અગાઉ દુગારી ગામે હું જતો હતો તે સમયે પોલીસે મને એકતૈયાર કરેલા પંચનામામાં સહી કરવાનું કહેતાં મે સહી કરેલી તે સિવાય હુ કશું જાણતો નથી કે એવું બનેલ નથી કે કોઈ ઈસમે બનાવ વાળી જગ્યા બતાવેલ હોય અને મારી હાજરીમાં પોલીસે પંચનામું કરેલ હોય મને આજરોજ ગુનાવાળી જગ્યાની પંચનામાની નકલ બતાવામાં આવે છે જેમાં પંચ નં ૧ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું જેને રજુ દાખલ આંક–૨૫ આપવામાં આવે છે.

જયારે સદર પંચ સાહેદ બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી તરફે સદર પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવામાં આવતા પંચ સાહેદ સુચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે અને ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી.

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે સહી કરેલી તે કાગળ શેનો હતો મને ખબર નથી.

**(૦૫)** ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંક પણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–૨૬ થી પંચ સાહેદ નરસિંહ ભાઈ નાથાભાઈ પ્રજાપતિ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, મને આંક–૨૫ વાળું ગુનાવાળી જગ્યાની પંચનામાની નકલ બતાવામાં આવે છે જેમાં પંચ નં ૨ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું આજથી આશરે ત્રણેક વર્ષ અગાઉ દુગારી ગામે હું મારા ઘર આગળ હાજર હતો તે સમયે પોલીસે મને એક તૈયાર કરેલા પંચનામામાં સહી કરવાનું કહેતાં મે સહી કરેલી તે સિવાય હુ કશું જાણતો નથી કે એવું બનેલ નથી કે કોઈ ઈસમે બનાવ વાળી જગ્યા બતાવેલ હોય અને મારી હાજરીમાં પોલીસે પંચનામું કરેલ હોય.

જયારે સદર પંચ સાહેદ બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય

 સહી/–

વિ.એ.પી.પી.શ્રી તરફે સદર પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવામાં આવતા પંચ સાહેદ સુચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે અને ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી.

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે સહી કરેલી તે કાગળ શેનો હતો મને ખબર નથી.

(૦૬) ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–૨૭ થી પંચ સાહેદ વાલાભાઈ હરીભાઈ ભરવાડ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, આજથી આશરે ત્રણેક વર્ષ અગાઉ તારાપુર પોલીસ સ્ટે બોલાવેલ તે સમયે પોલીસે મને એક તૈયાર કરેલા પંચનામામાં સહી કરવાનું કહેતાં મે સહી કરેલી તે સિવાય હુ કશું જાણતો નથી કે એવું બનેલ નથી કે કોઈ ઈસમે પોલીસ સ્ટે.મં હાજર થઈ અને ગુનામાં વાપરેલ હથીયારો રજુ કરતાં હોય તે બાબતનું મારી હાજરીમાં પોલીસે પંચનામું કરેલ હોય મને આજરોજ હથીયાર રીકવરી કમ અરેસ્ટ પંચનામાની નકલ બતાવામાં આવે છે જેમાં પંચ નં ૧ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું જેને રજુ દાખલ આંક– ૨૮ આપવામાં આવે છે.

જયારે સદર પંચ સાહેદ બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી તરફે સદર પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવામાં આવતા પંચ સાહેદ સુચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે અને ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી.

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે સહી કરેલી તે કાગળ શેનો હતો

મને ખબર નથી.

(૦૭) ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંક પણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–૨૯ થી પંચ સાહેદ પીન્ટુ ભાઈ ઉર્ફે રઘુભાઈ ભીખાભાઈ ભરવાડ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, મને આંક– ૨૮ વાળું હથીયાર રીકવરી કમ અરેસ્ટ પંચનામાની નકલ બતાવામાં આવે છે જેમાં પંચ નં ૨ તરીકે મારી સહી છે આજથી આશરે ત્રણેક વર્ષ અગાઉ તારાપુર પોલીસ સ્ટે બોલાવેલ તે સમયે પોલીસે મને એક તૈયાર કરેલા પંચનામામાં સહી કરવાનું કહેતાં મે સહી કરેલી તે સિવાય હુ કશું જાણતો નથી કે એવું બનેલ નથી કે કોઈ ઈસમે પોલીસ સ્ટે.મં હાજર થઈ અને ગુનામાં વાપરેલ હથીયારો રજુ કરતાં હોય તે બાબતનું મારી હાજરીમાં પોલીસે પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી.

જયારે સદર પંચ સાહેદ બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી તરફે સદર પંચ સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવામાં આવતા પંચ સાહેદ સુચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે અને ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી.

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે સહી કરેલી તે કાગળ શેનો હતો મને ખબર નથી.

(૦૮) ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંક પણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–૩૧ થી સાહેદ ભુરાભાઈ રાણાભાઈ ભરવાડ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ તા.૧૪/૦૩/૨૦૧૮ ના રોજ સવારના નવ થી દસ ના અરસામાં ભીખાભાઈના ઘરની બાજુમાં બનેલો. બનાવ સમયે હું ત્યા હાજર હતો તે

વખતે પુનાભાઈ કચરાભાઈ ભરવાડ તથા તેમનો દીકરો ભરતભાઈ તથા ભનુભાઈ તેઓના હાથમાં લાકડીઓ લઈ આવેલાં અને ભીખાભાઈ સાથે ગાય બાંધવા બાબતે ગાળો બોલી ઝઘડો કરતાં હતાં અને પુનાભાઈએ તેમના હાથમાંની લાકડી ની ઝાંપટો ભીખાભાઈને માથાના ભાગે મારેલી, ભનુભાઈએ લાકડીની ઝાંપટો ભીખાભાઈને નાક ઉપર મારેલી તેમજ ભરતભાઈએ તેના હાથમાંની લાકડી ભીખાભાઈને છાતીના ભાગે ગોદો મારેલો. ત્યારબાદ આ લોકોએ ભીખાભાઈને કહેલ કે, ફરીથી મારા ખેતરમાં ગાય આવશે તો માર મારીશું તેવી ધમકી આપેલી ત્યારબાદ આ લોકો જતાં રહેલાં ત્યારબાદ હું તથા મારો ભાઈ કાળુભાઈ, આ ભીખાભાઈ ને ઈજા થયેલી હોય તેઓને ખાનગી વાહનમાં તારાપુર સરકારી દવાખાને લાવેલાં અને ત્યાં પ્રાથમીક સારવાર કરાવી વધુ સારવાર માટે પ્રાઈમ સર્જીકલ હોસ્પીટલ ખાતે દાખલ કરેલાં. આ ભીખાભાઈને નાક ઉપર ફ્રેકચર થયેલ હોવાનું ડૉકટરે કહેલ. આ બનાવ અંગેની ફરીયાદ જામુબેને તારાપુર પો.સ્ટે. માં કરેલી. પોલીસે બનાવ બાબતે મારો જવાબ લીધેલો.બનાવ સમયે આરોપીઓ પાસે લાકડીઓ હતી તે મને કોર્ટમાં બતાવવામાં આવે તો તે હું ઓળખી શકું. મને મુદામાલ આર્ટીકલ નં ૧ વાળી લાકડી બતાવવામાં આવે છે તે બનાવ સમયે આરોપીઓના હાથમાં હતી પણ કયા આરોપીના હાથમાં હતી તે હું હાલમાં કહી શકું નહી. મને મુદામાલ આર્ટીકલ નં ૨ વાળી લાકડી બતાવવામાં આવે છે તે બનાવ સમયે આરોપીઓના હાથમાં હતી પણ કયા આરોપીના હાથમાં હતી તે હું હાલમાં કહી શકું નહી. મને મુદામાલ આર્ટીકલ નં ૩ વાળી લાકડી બતાવવામાં આવે છે તે બનાવ સમયે આરોપીઓના હાથમાં હતી પણ કયા આરોપીના હાથમાં હતી તે હું હાલમાં કહી શકું નહી. આરોપીઓને જોયેથી ઓળખી શકું. ના.કોર્ટમાં આરોપી હાજર હોય અને સાહેદ ને ઓળખ બાબતે પુછતાં કેં આરોપીને સાહેદે ઓળખી બતાવેલ હોય જેને ના.કોર્ટે ઉભા કરી પુછતાં સાહેદે જણાવેલ કે તેનું નામ પુનાભાઈ કચરાભાઈ ભરવાડ છે. અન્ય આરોપીઓ હાજર ન હોય બચાવ પક્ષે ઓળખની તકરાર નથી.

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં

 સહી/-

જણાવેલ છે કે, આ કામના ફરીયાદી અને સાહેદ ભીખાભાઈ મારા સગા ભાઈ તથા ભાભી થાય છે. હું ઝોંકમાં રહું છું અને મારા ભાઈનું મકાન પરામાં આવેલ છે. પાર તથા ઝોંક વચ્ચે આશરે અડધા કિ.મી થી ઓછું અંતર આવેલું છે. એ વાત ખરી છે કે મારા ભાઈ જયાં રહે છે ત્યાં આજુબાજુમાં રહેણાકના મકાનો આવેલાં છે. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ મારા ગામના હોય પહેલેથી ઓળખું છું. એ વાત ખરી છે કે આરોપીઓની ખેતી ની જમીન આવેલી છે અને ખેતી કરે છે. એ વાત ખરી છે કે, આરોપીના ખેતરમાં ભીખાભાઈ ની ગાય પેશી ગયેલી. એ વાત ખરી નથી કે, બનાવ સમયે હું હાજર ન હતો. એ વાત ખરી નથી કે, મને મારા ભાભી જામુબેને સંદેશો મોકલાવતાં હું તથા કાળુભાઈ ગયેલાં. એ વાત ખરી નથી કે, મે મારી સોગંદ ઉપરની જુબાની ફરીયાદી મારા ભાભી તથા ભીખાભાઈ મારા ભાઈ થતાં હોય જેથી ખોટી જુબાની આપું છું. મે મારો પોલીસ જવાબ તા. ૧૪/૦૩/૨૦૧૮ ના રોજ લખાવેલો. ત્યારબાદ મારે સદર બનાવ બાબતે કયારેય પણ પોલીસ સ્ટે. જવાનું થયેલ નથી તેમજ પોલીસે મને બોલાવેલ હોય તેવું પણ બનેલ નથી. એ વાત ખરી નથી કે હું જણાવું છું તેવું તા.૧૪/૦૩/૨૦૧૮ ના રોજ કોઈ જવાબ મેં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, હું જણાવું છું તેવી કોઈ ઈજા આ કામના આરોપીએ મારા ભાઈ તથા ભાભી ને કોઈ હથીયાર વડે કરેલ ન હોવા છતાં તેઓ મારા સંબંધી થતાં હોય જેથી સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ખોટી જુબાની આપું છું.

(૦૯) ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંક પણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–૩૩ થી સાહેદ કાળુભાઈ રણુભાઈ ભરવાડ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ આજથી આશરે સને ૨૦૧૮ માં ઉનાળાના સમયમાં સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ ભીખાભાઈના ઘર આગળ બનેલો. બનાવ સમયે હું બનાવવાળી જગ્યાએ હાજર હતો. બનાવ સમયે ભીખાભઈ પોચાભાઈ અને પૂનાભાઈ

કચરાભાઈ અને ભાનુભાઈ પૂનાભાઈ તથા ભરતભાઈ પૂનાભાઈ ઝપાઝપી કરતા હતા અને ભીખાભાઈને માથાના પાછળના ભાગે પૂનાભાઈએ લાકડી મારેલી અને ભાનુભાઈએ ભીખાભાઈને નાક ઉપર લાકડીની ઝાપટો મારેલી, ભરતભાઈએ ભીખાભાઈને છાતીના પડખામાં લાકડી મારેલી અને તે સમયે મેં વચ્ચે પડી આ લોકોને જુદા પાડેલા. બાદ આ બનાવની ફરિયાદ કરેલી, પોલિસે મારી બનાવ બાબતે પૂછપરછ કરેલી. આરોપીઓને હું જોયેથી ઓળખુ છુ, જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે, તે જ છે.

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, જામુબેન ભીખાભાઈ ભરવાડ મારા ભાભી થાય છે. ભીખાભાઈ પોચાભાઈ ભરવાડ મારા ભાઈ થાય છે. એ વાત ખરી છે કે, મારુ રહેણાંકનું મકાન અને ભીખાભાઈ પોચાભાઈનું રહેણાંકનું મકાન બંને અલગ અલગ જગ્યાએ રહેલા છે. મારા અને ભીખાભાઈ ભરવાડના મકાન વચ્ચે આશરે ૧ કિ.મી.જેટલુ અંતર આવેલુ છે. એ વાત ખરી છે કે, મારા ઘરેથી ભીખાાઈના મકાને ચાલીને જવુ હોય તો આશરે ૧૦ થી ૧૫ મિનિટ જેટલો સમય લાગે. એ વાતની મને જાણકારી ખરી કે, ભીખાભાઈ પોચાભાઈની શિંગડાવાળી ગાય આરોપીઓના ખેતરમાં મકાઈનો પાક ખાઈ ગયેલી. એ વાત ખરી છે કે, ભીખાભાઈ પોચાભાઈ ભરવાડ અને આ કામના આરોપીઓ વચ્ચે પહેલેથી મનદુઃખ છે. એ વાત ખરી છે કે, એ મનદુખ એ બંને વચ્ચે જમીન બાબતે રહેલુ છે. એ વાત ખરી છે કે, ભીખાભાઈ પોચાભાઈ ભરવાડના મકાનની આજુબાજુ આશરે ત્રીસેક જેટલા મકાનો આવેલા છે અને જ્યાં લોકો રહે છે. એ વાત ખરી છે કે ભીખાભાઈ પોચાભાઈ ભરવાડના મકાનની આગળ જાહેર રસ્તો આવેલો છે. પોલિસે મારી પૂછપરછ કરેલી અને લખાણ લખેલુ, પરંતુ મેં વાંચેલુ નહિં. એ વાત ખરી નથી કે, મેં પોલિસ રુબરુની પૂછપરછમાં હું બનાવવાળી જગ્યાએ હાજર હતો "બનાવ સમયે ભીખાભઈ પોચાભાઈ અને પૂનાભાઈ કચરાભાઈ અને ભાનુભાઈ પૂનાભાઈ તથા ભરતભાઈ પૂનાભાઇ ઝપાઝપી કરતા હતા અને ભીખાભાઈને માથાના પાછળના ભાગે પૂનાભાઈએ લાકડી મારેલી અને ભાનુભાઈએ ભીખાભાઈને નાક ઉપર લાકડીની ઝાપટો

મારેલી, ભરતભાઈએ ભીખાભાઈને છાતીના પડખામાં લાકડી મારેલી અને તે સમયે મેં વચ્ચે પડી આ લોકોને જુદા પાડેલા. " આવી કોઈ હકીકત મેં પોલિસ રુબરુની પૂછપરછમાં જણાવેલી નથી. એ વાત ખરી નથી કે આ હકીકત હું આજરોજ નામદાર કોર્ટમાં સૌપ્રથમવાર જાહર કરુ છું. સવાલ – ભીખાભાઈએ જે ફરિયાદ આપેલી તેની હકીકત તમને જણાવેલી? જવાબ – હા, જણાવેલી. ફરિયાદ આપ્યા પછી તેમને દવાખાને દાખલ કરેલા. સાહેદ હવે જણાવે છે કે પહેલા દવાખાને લઇ ગયા, ત્યારબાદ ફરિયાદ કરેલી. સરકારી દવાખાને લઈ ગયા, પહેલા પછી પ્રાઈવેટ દવાખાનામાં દાખલ કરી, રિપોર્ટ કર્યા, તેમાં માથાના પાછળના ભાગમાં લોહી નીકળતુ હતુ, નાકના ભાગમાં ફ્રેક્ચર થઇ ગયેલ હતુ અને પડખાના ભાગમાં લાકડી મારેલી. સવાલ – ભીખાભાઈ પોચાભાઈ ભરવાડે તમે કહો છો એવી કોઈ ફરિયાદ આપેલી નથી. જવાબ – ભીખાભાઈએ ફરિયાદ આપેલી. એ વાત ખરી છે કે, અમારે અને આરોપીઓ વચ્ચે મતભેદ છે. અમારે આરોપીઓ સાથે કોઈ બોલચાલ નથી. આ કામના આરોપીઓ પહેલેથી દુગારી ગામમાં રહેતા હોય તેઓને હું ઓળખુ છુ. મારા ભાઈ ભાભી ખેતીકામ અને પશુધન રાખે છે અને જેઓ પોતાની સ્વેચ્છાએ ખેતીકામ તેમજ પશુધનના કામે તારાપુરમાં અવરજવર કરે છે. એ વાત ખરી છે કે, ભીખાભાઈ પોચાભાઈ ભરવાડ મારા ભાઈ થાય છે, જેથી એ જે કહે તે મારે કરવુ પડે. પોલિસે મારી પૂપરછ બનાવના બીજા દિવસે કરેલી. આ પૂછપરછ કરવા માટે પોલિસ અમારા ઘરે આવેલી, તે સમયે મારા ઘરે હું, ભૂરાભાઈ, જામુબેન, ભીખાભાઈના સંતાનો હાજર હતા. એ વાત ખરી નથી કે હું જણાવુ છુ તેવો કોઈ માર લાકડીથી આ કામના આરોપીઓએ મારા ભાઈ ભીખાભાઈને મારેલ નથી. એ વાત ખરી નથી કે ભીખાભાઇ મારા ભાઇ થતા હોય અને આ કામના આરોપીઓ સાથે અણબનાવ હોય હું સોગંદ પર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે જામુબેને બોલાવ્યા બાદ હું તેમના ઘરે ગયેલો.

(૧૦) ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંક પણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–૪૦ થી મેડીકલ ઓફીસર

આનંદ સેવકકુમાર શાહ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૧૪/૦૩/૨૦૧૮ ના રોજ હુ મારી ખાનગી પ્રાઈમ સર્જીકલ હોસ્પીટલ, તારાપુર મોટી ચોકડી ખાતે હાજર હતો તે વખતે સવારે આશરે ૯:૦૦ વાગ્યે એક પેશન્ટ નામ ભીખાભાઈ પોચાભાઈ ભરવાડ રહે. દુગારી, તા.તારાપુર નાઓ આવેલા અને જેઓને ઈજા બાબતે હીસ્ટ્રી પુછતા દર્દીએ પોતાની હીસ્ટ્રી આપેલ હતી અને જણાવેલ કે દુગારી ગામે સામાવાળાઓ સાથે તકરાર થતા લાકડી વડે તેઓને ચેહરા ઉપર તેમજ જમણી બાજુ ગરદનના ભાગે અને કાનની નીચેના ભાગે માર મારવામાં આવેલ હતો. તેમને તપાસતા તેમના ડાબીબાજુના નાકના નસકરોમાંથી થોડુથોડુ લોહી વહી જતુ હતુ અને જમણા કાનની બુટ આગળ નીચે સોજો હતો દર્દીને સાથેસાથે સખત ચકકર અને દુખાવાની ફરીયાદ હતી આ માટે દર્દીનો નાકનો એકક્ષ–રે પાડતા તેમાં ડાબી બાજુના નાકાના પડદાનુ (નેઝલ બોન) નુ ફ્રેકચર જણાઈ આવેલ ચકકર હોવાને કારણે સીટીસ્કેન કરાવતા સીટીસ્કેન નોર્મલ હતુ. દર્દીને અંદરના દર્દી તરીકે દાખલ કરીને સારવાર આપીને સાજા કરાવામાં આવેલ અને દર્દીને તા.૨૨/૦૩/૨૦૧૮ ના રોજ ડીસ્ચાર્જ કરવામાં આવેલ. ઉપરોકત દર્દીને જણાવેલ ઈજાઓ ગંભીર પ્રકારની હતી તેમજ આ ઈજાઓ તાજી હતી. આ ઈજાઓ લાકડીથી થઈ શકે તેવી હતી. મને આજરોજ દર્દીને સારવાર સર્ટી ની ઝેરોક્ષ બતાવવામાં આવે છે જે સર્ટી મે મારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલ છે અને જેમાં મારી સહી છે તેમજ મારા હોદાનો સીકકો છે જે હુ ઓળખુ છુ જેને રજુ દાખલ આંક–૪૧ આપવામાં આવે છે.

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હુ પહેલા સહાદત હોસ્પીટલ તારાપુર ખાતે ડોકટર તરીકે કામગીરી કરેલ છે. એ વાત ખરી છે કે મારા સર્ટીમાં દર્દીએ અગાઉ કયાંય સારવાર કરેલ હોય તેની નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે આ દર્દી કોઈ પોલીસ વર્ધી સાથે સારવાર અર્થે આવેલ હોય તેવુ પણ બનેલ

 સહી/–

નહી. એ વાત ખરી છે કે આ દર્દી મારી હોસ્પીટલમાં આવેલ ત્યારે સભાન અવસ્થામાં હતા અને સારવાર કરી રજા આપી ત્યાં સુધી સભાન અવસ્થામાં હતા. એ વાત ખરી છે કે મે આપેલ સર્ટીમાં દર્દીની સારવાર કયા સમયે કરેલ કે દર્દી કયા સમયે અમારી પાસે આવેલ તેની નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે મને મારા રુબરુ દર્દીએ તેઓને થયેલ ઈજા કોના ધ્વારા કરવામાં આવેલતેવી કોઈ હકીકત જણાવેલ નહી. એ વાત ખરી નથી કે મારા સર્ટીમાં દર્દીએ તેઓને ઈજા કયા હથીયારથી થયેલ તેની હકીકત લખાવેલ નહી. એ વાત ખરી છે કે મારા સર્ટીમાં આ ઈજાઓ ગંભીર પ્રકારની હતી કે સામાન્ય હતી અને ઈજાઓ તાજી કે કેટલા સમયની હતી તેની પણ કોઈ હકીકત જણાવેલ નહી. એ વાત ખરી છે કે કોઈપણ વયકિતને નાક ઉપર છુટો પત્થર નાક ઉપર વાગવાથી થઈ શકે. એ વાત ખરી છે કે કોઈપણ વયકિત જો ઉંધા મોઢે પડી જાય અને નીચે કોઈ બોથડ પદાર્થ સાથે અથડાય તો પણ આવી ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે કાનની નીચેની ઈજા કોઈ વ્યકિત પડે અને નીચે અથડાય તો પણ આવી ઈજા થઈ શકે.

**(૧૧)** ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંક પણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક-૪૮ થી મેડીકલ ઓફીસર ડો.સંજય જીવાભાઈ ચૌહાણ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, હાલમા હું સુરેન્દ્રનગર જીલ્લામાં દાશાડા ખાતે સારવાર કેન્દ્ર ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવી રહ્યો છુ. તે પહેલા સને ૨૦૧૮ માં તારાપુર સી.એચ.સી ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન તા.૧૪-૩-૨૦૧૮ ના રોજ તારાપુર સી.એચ.સી હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ પર હાજર હતો. તે દરમ્યાન એક દર્દી નામે ભીખાભાઇ પોચાભાઇ ભરવાડ રહે, દુગારી નાઓ સી.એચ.સી તારાપુર ખાતે

 સહી/-

આવેલા અને અમારી હોસ્પીટલમાં નીભાવવામાં આવતુ ઇ.પી.આર રજીસ્ટર સદર દર્દીનું નામ સરનામુ લખેલ. ત્યારબાદ સદરહુ દર્દી ઇમરજન્સી વિભાગમાં પ્રાઇમરી સારવાર લઇ પોતાની જાતે અમને મળ્યા વગર તારાપુર ખાતે આવેલ પ્રાઇમ સર્જીકલ હોસ્પીટલમાં સારવાર લેવા જતા રહેલા. સદરહુ દર્દી અમોને મળ્યા વગર જતા રહેલા જેથી અમારી પાસે સદરહુ દર્દીના કેશ પેપર તેમજ સારવાર સર્ટિફીકેટ સી.એચ.સી તારાપુર હોસ્પીટલ ખાતે ઉપલબ્ધ જણાઇ આવેલ નથી તેમજ સદરહુ દર્દીના સારવાર અંગેના કોઇપણ સર્ટિફીકેટ ત.ક.અમલદારશ્રીને પણ આપેલ નથી. આજ રોજ સી.એચ.સી તારાપુર દર્દીઓનું ઇ.પી.આર રજીસ્ટરના પેજની ખરી નકલ હું મારી સાથે લાવેલ છુ.જેમાં તા.૧૪–૩–૨૦૧૬ ના રોજ સવારે ૧૦.૩૦ એ.એમ ના રોજ દર્દી નામે ભીખાભાઈ પોચાભાઈ ભરવાડ રહે, દુગારી નાઓ ની વિગત જણાઇ આવેલ છે. જે ઇ.પી.આર રજીસ્ટર ના પાનાની ખરી નકલ હું રજ કરુ છુ. જે રજુ દાખલ આંક–૪૯ આપવામાં આવે છે.

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અમારી હોસ્પીટલમાં નિભાવવામાં આવતું ઈ.પી.આર. રજીસ્ટરમાં દર્દીનું નામ લખેલ તે સિવાય હું આ દર્દીને મળેલ નથી કે દર્દીની કોઈ સારવાર કરેલ નથી. એ વાત ખરી છે કે મે કોઈ મેડીકલ સર્ટીફીકેટ આપેલ નથી કે આઈ.ઓ. ને પણ રજુ કરેલ નથી.

**(૧૨)** ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંક પણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–૫૧ થી સાહેદ નારણભાઈ સામંતભાઈ રાઠોડ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તા.૧૫/૦૩/૨૦૧૮ ના રોજ હું તારાપુર પોલીસ સ્ટે.ખાતે પી એસ ઓ તરીકે મારી ફરજ ઉપર હાજર હતો તે વખતે જાનુબેન ભીખાભાઈ ભરવાડ રહે. દુગારી તારાપુર નાઓએ મારા રૂબરૂ બનાવની ફરીયાદ હકીકત જાહેર કરતાં તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ તે અંગેની સ્ટેશન ડાયરીમાં

 સહી/–

નોંધ કરી ગુનો રજીસ્ટર કરેલો જે ગુ.ર.નં ૧૯/૧૮ ઈ પી કો ક ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ એ રીતેનો ગુનો રજીસ્ટર કરી સદર ગુનાની તપાસ અમારા પોલીસ સ્ટે.ના પો.સ.ઈ જે.વી પટેલ તરફ મોકલી આપેલ. મને આંક–૧૫ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં રૂબરૂ તરીકે મારી સહી છે તેમજ મારા રૂબરૂમાં ફરીયાદી જમણા હાથના અંગુઠાનું નિશાન કરેલ છે તે જ છે જે હું ઓળખું છું.

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તારાપુર પોલીસ સ્ટેમાં રાઉન્ડ ધી કલોક (૨૪ કલાક) પી.એસ.ઓ તરીકે પોલીસ સ્ટે.માં ફરજની ફાળવણી કરવામાં આવે છે. તા.૧૫/૦૩/૨૦૧૮ ના રોજ મારી નોકરીની ફાળવણી સવારના ૦૮/૦૦ થી સાંજના ૨૦/૦૦ વાગે સુધીની હતી. એ વાત ખરી છે કે, પી.એસ.ઓ તરીકેની ફરજમાં હાજર અધીકારીએ દરેક ટેલીફોન વર્ધીની માહિતી હોય. એ વાત ખરી છે કે, પોલીસ સ્ટે.માં આવતી તમામ અરજીઓની માહિતી હોય છે.  એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ મારા રૂબરૂ આવતા પહેલાં નામે ભીખાભાઈ પોચાભાઈ ભરવાડ રહે. દુગારી નાઓની ઈજા બાબતની કોઈ ટેલીફોન વર્ધી સરકારી દવાખાને કે પ્રાઈવેટ દવાખાને થી આવેલી નહી. એ વાત ખરી છે કે, અમોએ ફરીયાદ નોંધી ત્યાં સુધી પણ નામે ભીખાભાઈ પોચાભાઈ ભરવાડ રહે. દુગારી નાઓની ઈજા બાબતની કોઈ ટેલીફોન વર્ધી સરકારી દવાખાને કે પ્રાઈવેટ દવાખાને થી આવેલી નહી. એ વાત ખરી છે કે, મારા રૂબરૂ ફરીયાદ આપતાં પહેલાં કે પછી નામે ભીખાભાઈ પોચાભાઈ ભરવાડ રહે. દુગારી નાઓની ઈજા બાબતનું કોઈ સારવાર હેથળ હોય તે અંગેનું કોઈ પ્રમાણપત્ર કે સર્ટી રજુ કરવામાં આવેલ નથી. મે હાલની ફરીયાદ નોંધતાં પહેલાં ઈજા પામનાર કોઈ હોસ્પીટલમાં સારવાર હેથળ છે તે બાબતની કોઈ ખરાઈ કરેલ નહી. એ વાત ખરી છે કે, મારા રૂબરૂની આંક–૧૫ વાળી ફરીયાદમાં એવું લખાવેલ નથી કે, "...ત્યારબાદ મારા પતિ ઘરે આવેલ તો તેમની પાછળ પુનાભાઈ , ભરતભાઈ , ભનુભાઈ આ ત્રણેય જણાઓ લાકડીઓ લઈ અને ગાળો બોલતાં બોલતાં આવેલાં... ". એ વાત

 સહી/–

ખરી છે કે, મે ફરીયાદ નોંધેલ તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

(૧૩) ત્યારબાદ આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો નિ:શંક પણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે આંક–પ૬ થી ત.ક.અમલદારશ્રી જયદીપકુમાર વિષ્ણુલાલ પટેલ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની કોર્ટ રૂબરૂ સોગંદપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, સને ૨૦૧૮ માં હુ તારાપુર પો.સ્ટે ખાતે પો.સ.ઈ તરીકે ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન તા. ૧૫/૩/૧૮ ના રોજ ફરીયાદી નામે જામુબેન ભીખાભાઈ ભરવાડ રહે.ડુગારી નાઓએ તારાપુર પો.સ્ટે ખાતે ઈ.પી.કોકલમ ૩૨૩,૩૨૫, વિગેરે મુજબની ફરીયાદ આપેલી જે ફરીયાદ ના આાધારે ફ/૧૯/૨૦૧૮ થી ગુનો રજીસ્ટર થયેલો. અને આ ગુનાની તપાસ અમારા પો.સ્ટેના પી.આઈ નાઓએ સંભાળેલી અને તેઓએ બે સ્વતંત્ર પં ચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબનો ગુનાવાળી જગ્યોનો પંચનામુ કરેલો જે પંચનામુ આંક–૨૫ થી રજુ છે. જેમા અમારા પો.સ્ટેના પી.આઈ. પી.એફ.મકરાણી સાહેબની સહી છે. ત્યારબાદ સદર ગુનાની તપાસ મારી પ્રત આવતા અમોએ તપાસ સંભાળી લીધેલ. અને આ કામના લાગતા વળગતા સાહેદોના નિવેદનો લખાવયા મુજબના લખી તપાસ કામે સામેલ રાખેલા. ત્યારબાદ આ કામના આરોપીઓ ની તારીખ ૨૧/૩/૧૮ ના રોજ ગુનાના કામે અટક કરેલા અને આ કામના આરોપીઓ ગુનામાં વાપરેલ હથિયારો સ્વેચ્છાએ રજુ કરતા હોય બે સ્વતંત્ર પંચોના માણસોને બોલાવી હથિયાર રીકવરી પંચનામુ પંચોન લખાવ્યા મુજબ લખી મુદદામાલ હથિયાર ગુના ના કામે જમા લઈ પંચનામુ કરેલ. જે પંચનામુ આંક –૨૮ થી રજુ છે. જેમાં રૂબરૂ તરીકે મારી સહી છે. જે હુ ઓળખુ છુ. ત્યારબાદ આ કામના ઈજા પામનાર સાહેદોના મેડીકલ સર્ટી આવતા તપાસ ના કામે સામેલ રાખેલા.

 સહી/–

આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા માટે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટ મા ચાર્જશીટ કરેલી આરોપીઓને જોઈને ઓળખુ છુ. જે આજરોજ નામદાર કોર્ટ મા હાજર નથી બચાવ પક્ષે કોઈ ઓળખની તકરાર નથી.

સદર સાહેદની આરોપીપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, મે તારાપુર મુકામે આશરે દોઢેક વર્ષ જેટલો સમય ત.ક.અમલદાર તરીકે ની કામગીરીર કરેલી. એ વાત ખરી છે કે કોઈપણ ફરીયાદ ની તપાસ સોપવામાં આવે તો તે બાબતેની પોલીસ અધિકારી લેખિત હુકમ કરવામાં આવે છે. એ વાત ખરી છેકે મે ફરીયાદ ની તપાસ સંભાળી જયારે એ ફરીયાદ સાથે કોઈ ઈજા અંગેનુ સર્ટી કે ટેલિફોન વર્ધી મુજબનો કોઈ દસ્તાવેજી પુરાવો સામેલ ન હતો. એ વાત ખરી નથી કે જયા સુધી ઈજા અંગેનુ એકસપર્ટ ઓપીનીયન રેકર્ડ ઉપર ના આવે ત્યા સુધી ફ્રેકચર અંગેની ઈજા બાબતનુ ગુનાની ફરીયાદ દાખલ થઈ શકે નહી. એ વાત ખરીછે કે મે મારી તપાસ ના કામે ફરીયાદીનુ કોઈ વધારાનુ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે મેન જ`ગુનાની તપાસ સોપેલી એ ફરીયાદ હકીકતમાં ફરીયાદી ના ઘરે કોઈ હાજર ના હોય જેથી તેમના કુટુબી દિયર ભુરાભાઈ અને કાળુભાઈને આરોપીના જતા રહયા બાદ બોલાવેલ હોવાનુ દર્શાવેલુ છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ વાળા સ્થળે સરકારી દવાખાનુ, જાહેર રસ્તો તેમજ રહેણાક વિસ્તાર રહેલો છે. એ વાત ખરી નથી કે મે મારી તપાસ ના કામે ફરીયાદી ના સગા અને ઓળખીતા સિવાય સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલાન થી. એ વાત ખરી મે તૈયાર કાગળમાં પંચોન સહી ઓ લઈ લીધેલી. એ વાત ખરી નથી કે આંક ૨૫ વાળા પંચનામા મા પણ મારા અધિકારીએ તૈયાર કાગળ માં પંચોન ફકત સહીઓ લીધેલી છે. એ વાત ખરી છે` કે મે મારી તપાસ ના કામે આરોપીઓની પુછપરછ કરી નિવેદન લીધેલ હોય

તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે મને જે ફરીયાદ ની તપાસ મળેલી તે ફરીયાદ સાથે ભીખાભાઈ પોચાભાઈ નુ કોઈ સારવાર સર્ટી સામેલ ન હતુ. એ વાત ખરી છે કે મને જે ફરીયાદ ની તપાસ સોપેલી તે ફરીયાદ મા કહેવાતા બનાવ નો સમય સવારના ૯/૩૦ નો દર્શાવેલ છે. એ વાત ખરી છે કે મને જે ફરીયાદની તપાસ મળેલી એ ફરીયાદ હકીકત માં ભીખાભાઈ પોચાભાઈ મઠે ગયેલ હોવાની હકીકત દર્શાવેલી છે. એ વાત ખરી છે  કે મને જે ફરીયાદ ની તપાસ સોપેલી જે ફરીયાદ હકીકતમાં જણાવેલી કે ફરીયાદીની ગાય આરોપીઓના મકાઈના પાકને નુકશાન કરેલ હોવાનુ દર્શાવેલ. એ વાત ખરી છે કે મારી તપાસ મા પણ ફરીયાદીની ગાયએ આરોપીઓના મકાઈના પાકને નુકશાન કરેલ હોવાની હકીકત ખુલેલી. મે મારી તપાસ ના કામે આરોપીના મકાઈના પાકને નુકશાન થયેલ હોય તે બાબતનુ કોઈ પંચનામુ કરેલુ નથી. મને જે ફરીયાદ ની તપાસ કે ફરીયાદ હકીકતમાં ભીખાભાઈ કયા છે તમારી ગાય કેમ બાંધતા નથી તેવુ દર્શાવેલુ. એ વાત ખરી છે કે મને જે ફરીયાદ ની તપાસ સોપેલી તે ફરીયાદ હકીકતમાં '' ત્યારબાદ મારા પતિ ઘરે આવેલા તો મારા પતિની પાછળ પાછળ પુના ભાઈ, ભરતભાઈ, ભનુભાઈ ત્રણે જણા લાકડીઓ લઈને આવેલા અને ગાળો બોલતા બોલતા આવેલા તેવી હકીકત દર્શાવેલી નહી. એ વાત ખરી છે કે મારી રૂબરૂ ના નિવેદન માં ભીખાભાઈ એ '' અમારી ગાય તળાવમા પાણી પીવા ગયેલી એ અંગેનો ઝઘડો કરવા આરોપીઓ આવેલા હતા''. એ વાત ખરી છે કે મારી રૂબરૂ ના નિવેદન માં ગાળો બોલતા મારા ઘરે આવેલ અને કહેવા લાગેલ કે તમારી ગાયો કેમ બાંધતા નથી.'' એવી હકીકત લખાવેલ છે. એ વાત ખરી છે કે ભીખાભાઈ પોચાભાઈ મારી રૂબરૂ ના નિવેદન માં ભરતભાઈ એ તેઓને નાક ઉપર લાકડી મારી દીધેલી તેવી હકીકત લખાવેલી

 સહી/-

નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ સામે અટક કરવા પુરતો પુરાવો ન હોવા છતા આરોપીઓની ખોટી અટક કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી મે મારી તપાસની કામગીરી બતાવવા સારુ ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**<u>આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો :–</u>**

**(૧૪)** ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદપક્ષે રજુ પુરાવા અનુસંધાને આરોપીઓનું ક્રિમીનલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન પ્રશ્નોતરી સ્વરૂપે નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેમની વિરૂધ્ધનાં પુરાવાનો ઈન્કાર કરેલ છે તથા સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવમાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. જયારે વિશેષમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નીર્દોષ છે, તેઓને ખોટી રીતે અટક કરી, પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે તેમ જણાવેલ છે.

**(૧૫)** વિ. એ.પી.પી.શ્રી ધ્વારા મૌખિક રજુઆત કરવામા આવેલ છે. તે રજુઆત કરે છે કે ફરીયાદ પક્ષના સાહેદો સદર હકીકતને સર્મથન આપતા હોય અને તેમની જુબાની ને અસ્વીકાર કરવા માટે કોઈ કારણ નથી. વધુમા જણાવે છે કે દસ્તાવેજી અને મૌખીક પુરાવો વ્યાજબી શંકા બહાર ગુનો સાબીત કરેલ છે અને તે અરજ કરે છે કે આરોપીઓ ને સદર ગુના માટે સજા કરવામા આવે છે.

આરોપીઓના વિ. વ.શ્રીની મૌખિક દલીલ સાંભળી અને તે રજુઆત કરે છે કે સરકારશ્રી વ્યાજબી શંકાથી બહાર તેનો કેસ સ્થાપીત કરવામા નીષ્ફળ રહેલ છે. વધુમા જણાવે છે કે ફરીયાદ પક્ષનો કેસ ખોટા અને બનાવટી છે અને ફરીયાદ પક્ષનો પુરાવો અસંગત અને વિરોધાભાષી હોય તેથી

આરોપીઓને ઉપરોકત ગુનામાંથી નિર્દોષ છોડવાની અરજ કરવામા આવેલ છે.

**<u>પોઈન્ટ ઓફ ડીટરમીનેશન</u>**

**(૧૬)** આ કામે સદરહુ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

૦૧. શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૫/૦૩/૧૮ ના કલાક ૦૯:૩૦ વાગ્યે મોજે દુગારી ગામે પરામાં ફરિયાદીના ઘરે લાકડીઓ લઈ જઈ ગાય બાંધવા બાબતે ગાળો બોલી આરોપી નં.૧ નાએ ફરિયાદીને કાડીની ઝાપોટ મારવા જતા માથાના ભાગે કાન નીચે મારી તથા આરોપી નં.ર તથા ૩ નાઓએ ઉપરાણું લઈ આરોપી નં.૧ એ ફરિયાદીને લાકડીનો ગોદો છાતીના ભાગે મારી તાથ આરોપી નં.૩ નાએ લાકડીની ઝાપોટ નાક ઉપર મારી નાક ઉપર ફેકચર કરી ઈજા કરી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એક બીજાની મદદગારી કરી જિલ્લા મેજી. સા. આણંદ નાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી, ઈ.પી.કો. કલમ – ૩ર૩, ૩ર૫, ૫૦૪, ૫૦૬(ર), ૧૧૪ જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૦ર. શું હુકમ ?

**(૧૭)** ઉપરોકત મુદા પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદા નંબર ૦૧ :– નકારમાં

મુદા નંબર ૦ર :– આખરી હુકમ મુજબ.

**<u>ન્યાય નિર્ણય :–</u>**

**(૧૮)** હાલના કામે ફરિયાદ પક્ષ ઉપર કાયદેસરનો ભાર છે. આરોપીઓ વિરૂઘ્ઘ મુકવામાં આવેલ આક્ષેપો વિશ્વસનિય અને નિશંક પુરાવાથી સાબિત

કરવામાં હોય. ફોજદારી કેસમાં આરોપીને દોષિત ઠરાવવા માટે માત્ર શકયતા કે શંકા પુરતી નથી, પરંતુ ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર થવો જોઈએ છે. જો ફરિયાદ પક્ષના પુરાવામાં ગંભીર વિરોધાભાષ, સુધારા, અંસંગતતા અથવા મહત્વની ખામીઓ જણાય તો તેનો લાભ આરોપીઓને આપવો કાયદાનો સ્થિર સીધ્ધાંત છે.

(૧૯) હાલના કેસમાં ફરિયાદ પક્ષનો મુખ્ય આધાર ફરિયાદી જામુબેન ભીખાભાઈ પરવાર તથા ઈજાગ્રસ્ત સાહેદ ભીખાભાઈ પોચાભાઈ ભરવાડની જુબાની ઉપર છે. શરુઆતમાં ફરિયાદીએ આરોપીઓએ લાકડીઓ વડે માર માર્યાનો જણાવેલ છે, પરંતુ ત્યારબાદ સી.આર.પી.સી.ની કલમ–૩૧૧ હેઠળ થયેલ વધુ ઉલટતપાસમાં ફરિયાદીએ સ્પષ્ટ સ્વીકારેલ છે કે, બનાવ સમયે આરોપીઓ ગાય બાબતે કહેવા ઘરે આવેલ હતા, તે બાબતે માત્ર સામાન્ય બોલચાલી થયેલી હતી અને તે સિવાય બીજું કાંઈ બનેલ ન હતું. વધુમાં ફરિયાદીએ પણ સ્વીકારેલ છે કે, બોલાચાલી દરમ્યાન તેના પતિ ભીના ભાગે લપસી પડતા તેમને નાક, માથા અને છાતીના ભાગે ઈજાઓ થયેલી હતી અને તે ઈજાઓ કોઈ આરોપીઓ દવારા કરવામાં આવેલી ના હતી. ફરિયાદીનો આ સ્વીકાર ફરિયાદ પક્ષના મુળ કેસને મુળભુત રીતે નબળો પાડે છે.

તેજ રીતે ઈજાગ્રસ્ત સાહેદ ભીખાભાઈ પોચાભાઈ ભરવાડે પણ શરૂઆતમાં આરોપીઓએ લાકડી વડે માર માર્યાની વાત કરેલ હોવા છતાં વધુ ઉલટતપાસમાં સ્પષ્ટ સ્વીકારેલ છે કે, ગાય ખેતરમાં બેસી જતી હોવાના મુદ્દે માત્ર સામાન્ય બોલાચાલ થયેલી હતી, તે સિવાય બીજું કાંઈ બનેલ ન હતુ. તેમણે પણ સ્વીકારેલ છે કે, બોલાચાલી દરમ્યાન તેઓ ભીના ભાગે લપસી પડતા તેમને નાક, માથા અને છાતીના ભાગે ઈજા થયેલી હતી અને તે ઈજાઓ આરોપીઓ દવારા કરવામાં આવેલ ન હતી. ઈજાગ્રસ્ત સાહેદ

 સહી/–

પોતે જયારે આરોપીઓ દવારા ઈજા થયેલ હોવાનું નકારી કાઢે છે, ત્યારે ફરિયાદ પક્ષનો કેસ શંકાથી પર સાબિત થયેલ ગણાવી શકાય નહીં. બન્ને સદર સાહેદ એ પણ સ્વીકારેલ છે કે, આરોપીઓ તેમના કુટુંબના ભાઈઓ થાય છે અને કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે. માત્ર સમાધાન થવાથી ગુનો આપમેળે અસ્તિત્વમાંથી જતો રહેતો નથી, પરંતુ જયારે સમાધાન બાદ મુખ્ય સાક્ષીઓ પોતાની જ અગાઉની હકીકતો વિરૂધ્ધ જઈએ આરોપીઓ દવારા માર મારવામાં આવ્યો ન હતો એવું સ્પષ્ટ કહે છે, ત્યારે તેમની જુબાની ઉપર નિર્દોષ દોષારોપણ માટે આધાર રાખવો જોખમી બને છે.

(૨૦) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ આંક–૩૧ થી ભુરાભાઈ રાણાભાઈ ભરવાડ અને સાહેદ આંક–૩૩ થી કાળુભાઈ રણુભાઈ ભરવાડને નજરે જોનાર સાક્ષી તરીકે તપાસવામાં આવેલ છે. પરંતુ તેઓ ફરિયાદી તથા ઈજાગ્રસ્તના નજીકના સગા છે. ભુરાભાઈ ફરિયાદીના કુટુંબી ભાઈ થાય છે અને કાળુભાઈએ સ્વીકારેલ છે કે, ભીખાભાઈ તેના ભાઈ થાય છે. કાળુભાઈએ વધુમાં સ્વીકારેલ છે કે, બન્ને પક્ષો વચ્ચે અગાઉથી મનદુ:ખ હતું અને તે મનદુ:ખ જમીન તથા ગાય બાબતે હતું. બનાવ સ્થળ રહેણાંક વિસ્તાર તથા જાહેર રસ્તા પાસે હોવાનું પુરાવામાં આવ્યું છે અને આસપાસ આશરે ત્રીસેક મકાનો હોવાની વાત પણ આવી છે. તેમ છતાં ફરિયાદ પક્ષે કોઈ સ્વતંત્ર પડોશીઓ અથવા નિષ્પક્ષ સાક્ષી તપાસેલ નથી. આવી સ્થિતિમાં માત્ર સંબંધિત સાક્ષીઓની જુબાની, જયારે મુખ્ય ફરિયાદી અને ઈજાગ્રસ્ત પોતે જ આરોપીઓ વિરૂધ્ધની મારપીટનો આક્ષેપ નકારી કાઢે છે, ત્યારે આરોપીઓને દોષીત ઠરાવવા પુરતી નથી.

 સહી/–

(૨૧) વધુમાં પંચ સાક્ષીઓની સ્થિતિ પણ ફરિયાદ પક્ષને સમર્થન આપતા નથી. વધુમાં ગુનાવાળી જગ્યાના પંચ સાક્ષી આંક–૨૪ થી ભુપેન્દ્રભાઈ વીભાભાઈ ભરવાડ અને આંક–૨૬ થી નરસીંગભાઈ નાથાભાઈ પ્રથાપતિએ પંચનામાંની હકીકતને સમર્થન આપેલ નથી. તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરાવવામાં આવી હોવાનું જણાય છે. તેવી જ રીતે હથીયાર રીકવરી કમ અરેસ્ટ પંચનામામાં પંચ સાહેદ આંક–૨૭ થી બાલાભાઈ હરીભાઈ ભરવાડ અને આંક–૨૯ થી પીન્ટુભાઈ રઘુભાઈ ભીખાભાઈ ભરવાડે પણ રીકવરીની હકીકતને સમર્થન આપેલ નથી અને તૈયાર કાગળ ઉપર સહી કરવામાં આવી હોવાની વાત ખરી છે. આથી ગુનાવાળી જગ્યા તથા હથીયાર રીકવરી સંબંધિત પંચનામાઓ કાયદેસર રીતે અને વિશ્વસનિય રીતે સાબિત થયેલ નથી.

(૨૨) વધુમાં મેડિકલ પુરાવા બાબતે આંક–૪૦ થી ડો.આનંદ સેવકકુમાર શાહ ઈજાઓ લાકડીથી થઈ શકે તેવી હોવાનું કહયું છે પણ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, આવી ઈજાઓ પથ્થર વાગવાથી અથવા વ્યકિત પડી જાય અને બોથડ પદાર્થ સાથે અથડાય તો પણ થઈ શકે. વધુમાં આંક– ૪૮ થી ડો.સંજય જીવાભાઈ ચૌહાણે જણાવેલ છે કે, ઈજાગ્રસ્ત દર્દી તેમને મળયા વગર પ્રાથમિક સારવાર લઈ ખાનગી હોસ્પીટલમાં ચાલ્યા ગયેલ અને તેમણે કોઈ મેડિકલ સર્ટીફિકેટ આપેલ નથી. આથી મેડિકલ પુરાવો માત્ર ઈજા દર્શાવે છે, પરંતુ તે ઈજાઓ આરોપીઓએ જ લાવડીથી કરી છે તે નિશંકપણે સાબિત કરતો નથી.

(૨૩) વધુમાં તપાસ અધિકારીની જુબાનીમાં પણ અનેક ખામીઓ પ્રકાશમાં આવે છે તપાસ અધિકારીએ સ્વીકારેલ છે કે, ફરિયાદ સાથે કોઈ મેડિકલ સર્ટીફિકેટ કે હોસ્પીટલ વર્ધી સામેલ ના હતી. વધુમાં

 સહી/–

તેમણે એ પણ સ્વીકારેલ છે કે, ફરિયાદીના વધારાના નિવેદન લીધેલ નથી. બનાવ સ્થળ રહેણાંક વિસ્તાર અને જાહેર રસ્તા પાસે હોવા છતાં સ્વતંત્ર સાક્ષીઓના નિવેદન લીધેલ નથી. વધુમાં તપાસમાં ફરિયાદીની ગાય આરોપીના મકાઈના પાકને નુકશાન કર્યાની હકીકત ખુલવા છતાં તે અંગે કોઈ પંચનામું કરાયેલ નથી. આ તમામ ખામીઓ તપાસની નિષ્પક્ષતા અને અપુર્ણતાને અસર કરે છે.

**(૨૪)** વધુમાં કોર્ટ એ વાત ધ્યાનમાં લે છે કે ઈજા થયેલી હોવી એક બાબત છે અને તે ઈજા આરોપીઓએ ગુનાહિત ઈરાદાથી કરી હોવી બીજી બાબત છે. હાલના કેસમાં ઈજાની હકીકત કેટલી હદે સાબિત થાય છે, પરંતુ આરોપીઓએ જ લાકડી વડે ઈજા કરી, ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી અને જાહેરનામાનો ભંગ કર્યો તે હકીકત વિશ્વસનિય અને નિ:શંક પુરાવાથી સાબિત થતી નથી. વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ અને ૩૨૫ માટે સ્વેચ્છાએ ઈજા પહોંચાડવાનો તર્ક સાબિત થવો જરૂરી છે જયારે ઈજાગ્રસ્ત પોતે જ કહે છે કે, ઈજાઓ પડવાથી થઈ હતી અને આરોપીઓએ કરી નથી, ત્યારે આ આવશ્યક તત્વ સાબિત થતું નથી. વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ માંથી ઈચ્છાપૂર્વક અપમાન અને તેનાથી શાંતિભંગ થાય તેવો ઉદ્દેશ સાબિત થવો જરૂરી છે, જે બાબતે સ્પષ્ટ અને વિશ્વસનિય પુરાવો નથી. વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) માટે ગંભીર જાનથી મારી નાખવાની ધમકી અને તેનાથી ભય ઉત્પન્ન થયો હોવો સાબિત થવો જોઈએ, પરંતુ તે અંગે પણ મુખ્ય સાક્ષીઓને વિશ્વસનિય અને સ્થિર જુબાની ઉપલબ્ધ નથી. વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ માંથી આરોપીઓની હાજરી સાથે ગુનામાં મદદગારી સાબિત થવી જરૂરી છે, પંરતુ મુખ્ય ગુનો જ સાબિત ન થતો હોય

ત્યારે કલમ–૧૧૪ પણ લાગુ કરી શકતો નથી. વધુમાં જી.પી.એકની કલમ–૧૩૫ માટે જાહેરનામાંનો ભંગ અને હથીયાર સાથે આરોપીઓની હાજરી વિશ્વસનિય રીતે સાબિત થવી જરૂરી છે, પરંતુ પંચ સાક્ષીઓએ હથીયાર રીકવરીને સમર્થન આપેલ નથી અને મુખ્ય સાક્ષીઓએ પણ અંતે હથીયાર જોવાની હકીકત નકારી છે. આથી સમગ્ર પુરાવાનો મુલ્યાંકન કરતા ફરિયાદ પક્ષ દવારા રજુ કરાયેલ પુરાવામાં ગંભીર શંકા, વિરોધાભાષ અને તપાસની ખામીઓ રહેલ છે. કાયદા મુજબ આવી શંકાનો લાભ આરોપીઓને આપવો ફરજિયાત છે જેથી આ કોર્ટ આ નિષ્કર્ષ આવે છે કે, ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાઓ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્ધા નં.૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપીઓ (૧) પુનાભાઈ કચરાભાઈ ભરવાડ ઉ.વ.પર, (૨) ભરતભાઈ પુનાભાઈ ભરવાડ તથા (૩) ભનુભાઈ પુનાભાઈ ભરવાડ ઉ.વ.૩૭ તમામ રહે. દુગારી પરામાં તા.તારાપુર જિ.આણંદ વાળાને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૧) હેઠળ ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ જી.પી.એકટ કલમ– ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે અને આરોપીઓએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જાત

 સહી/–

જામીન અને જાત મુચરકા રજૂ કરવા, અગર તો જામીન તરીકે ચાલુ રહેવા પુરસીસ રજૂ કરવી.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતી મુજબના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૦૪, માહે:ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by DEEPAK DUTTA on 04/08/2026 17:20:24 IST.

સ્થળ : તારાપુર,
તારીખ : ૦૪/૦૮/૨૦૨૬

(દિપક દતા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
તારાપુર
(GJ-01685)

એ.એ.રાધનપુરી, ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩, તારાપુર



સહી/–